## એક નજર અમરેલીની લોકસભા ઉપર...

ગાયકવાડ સ્ટેટની વખતે જ જિલ્લાનો દરજજો ભોગવતા અમરેલીના ભાગ્ય ૧૯૫૭માં ખુલ્યા

# સરદાર વલ્લભભાઇ પટેલના પ્રતાપે અમરેલી સંસદીય મતક્ષેત્ર બન્યો : જે તે વખતે પ્રથમ નામ ગીરનાર હતુ

રજવાડાઓના વિલ્લીનીકરણ વખતે દરેક સ્ટેટ રજવાડાને જે તે જિલ્લામાં ભેળવી દેવાયા પણ અમરેલી પ્રાંત હોવાને કારણે સરદાર પટેલે અમરેલીને યથાવત રાખવા ભલામણ કરી હતી



અમરેલી,

આઝાદી પહેલા ગાયકવાડી સ્ટેટ બરોડાના ચાર પ્રાંત મહેસાણા, નવસારી, બરોડા અને અમરેલી હતા તે પૈકીના અમરેલી પ્રાંત તરીકે ભલે જિલ્લા મથક રહયું પણ તે સંસદીય મતવિસ્તાર ૧૯૫૭ની બીજી લોકસભા બેઠક વખતે બન્યું હતુ અને તેનુ નામ ત્યારે ગીરનાર બેઠક હતુ.

દ્વારકા, ઓખા, કોડીનાર, દામનગર, ધારી સહિતના વિસ્તારોના બનેલા અમરેલી પ્રાંતને જયારે બરોડા રાજયનું બોમ્બે રાજયમાં સરદાર વલ્લભભાઇ પટેલે વિલીનીકરણ કરાવ્યું ત્યારે સેકડો પરગણા નાના મોટા રાજયોને તે જિલ્લામાં ભેળવી દેવાયા



હતા અને અમરેલી સૌરાષ્ટ્ર રાજયની છ લોકસભા બેઠકો પૈકીની ગોહિલવાડ-સોરઠ બેઠકની સાથે સંલગ્ન હતુ .

તેથી કચ્છ અને અમરેલીને અલગ સંસદીય મત વિસ્તારનો દરજજો આપવામાં સરદાર વલ્લભભાઈ પટેલનો સિંહફાળો હતો.

પ્રાધ્યાપકશ્રી હિરાલાલ શાહે અવધ ટાઇમ્સની સાથે જુના સસ્મરણો વાગોળતા જણાવ્યું હતુ કે બીજા પટગણાની માફક અમરેલીને વિલીનીકરણ કરવા થયેલી વિચારધારાને ફગાવી દઈ સરદાર વલ્લભભાઈ પટેલે અમરેલીને જિલ્લાનો જ દરજજો રાખવા અને તેને સંસદીય ક્ષેત્ર બનાવવા ભલામણ કરતા ૧૯૫૭માં આવેલી બીજી લોકસભાની ચુંટણી વખતે અમરેલી બેઠકનું ગીરનાર બેઠક નામ રખાયું હતુ.

આમ ૧૯૬૦માં ગુજરાત રાજય બુહદ મુંબઈમાંથી અલગ બન્યું અને તેમા અમરેલીને જિલ્લાનો દરજજો અપાયો પણ તેના પાયાતો સરદાર પટેલે રજવાડાઓના વીલીનીકરણ વખતે જ નાખી દીધા હતા

# જુના વાઘણીયા ગામે ૫૦ ફુટના કુવામાં અચાનક મગર આવી ચડી



બગસરા,

બગસરા તાલુકાના જુના વાઘડીણા ગામે શ્રી ગોબરભાઈ લક્ષ્મણભાઈ તળાવીયાની માલીકીની વાડીમાં આવેલ અવાવરૂ ૪૦ થી ૫૦ ફુટના કુવામાં આશરે ત્રણ મીટરની અંદાજીત ૧૫૦-૧૬૦ કિલોની મગર આવી ચડેલ. જે બાબતની જાણ વન વિભાગને કરવામાં આવતા મદદનીશ વન સંરક્ષકશ્રી, શુકલસાહેબ તથા રેન્જ ફોરેસ્ટ ઓફિસી, અમરેલીની સીચના તથા માર્ગદર્શન હેઠળ અમરેલી વન વિભાગની રેસ્કયુ ટીમ સ્થળ પર પહેંચેલ.

બાદમાં સ્થળ નિરીક્ષણ કરી મગર બચાવવાનું આયોજન કરી રેસ્કયું ટીમ મેમ્બરો કુવામાં દોરડા બાંધી ઉતરી મગર સુધી પહોચી મોઢાના તથા શરીરના ભાગે દોરડા બાંધી સહીસલામત રીતે ખેંચીને સુરક્ષીત, કોઈપણ પ્રકારની ઈજા વગર કુવાની બહાર કાઢવામાં આવેલ. અને સુરક્ષીત રીતે કુદરતી આવાસમાં મુકત કરવામાં આવેલ. ઉપરોકત કામગીરીમાં વન વિભાગના રેસ્કયુ ટીમના મેમ્બરો પ્રફુલ મહેતા, ભાવેશ ટીલાવત, પ્રકાશ વિષ્ણુંગોડ, દિનેશ બગડા તથા વનકર્મીઓ વી.એમ.ડવ, ભદ્રેશસિંહ પરમાર, એમ.બી. રાખસીયા, ડ્રા જે.ટી.વાળાએ મહત્વની ભુમીકા ભજવી હતી.

# લાઠી સેતા પાટીમાં જશ્ને ઈલ્મેદિન ઉજવાયો



તસવીર મહેશગીરી ગોસ્વામી

લાઠી,

લાઠી સમસ્ત સુન્ની મુસ્લીમ જમાત દ્વારા અને ઈફતાર કમીટીના સૌજન્યથી લાઠી સેતા પાટી હુસેની ચોકમાં જશ્ને ઈલ્મેદીન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૈયદ હાજી દાદાબાપુ કાદરી ખાતમી સરકાર સાવરકુંડલા વાળા, સૈયદ સરકાર હાજી દિલાવર હુસેનબાપુ ચિશ્તી અમરેલી, સૈયદ હાજી ઝહુર રહેમાનબાપુ કાદરી અમરેલી તેમજ આ જશ્ને ઈલ્મેદીન કાર્યક્રમમાં શરીક થયેલ લાઠી ગામના તમામ મદ્રેસાઓ, બાબરા ગામના મદ્રેસાઓ (રહીમભાઈ અજમેરી), ચાવંડ ગામના મદ્રેસાઓ (હ.કરીમભાઈ તથા યુનુસભાઈ), ઠસા ગામના મદ્રેસાઓ (હ.અશરફ શુકુન કિરાણા), શેખપીપરીયા ગામના મદ્રેસાઓ (હ.યાહયાભાઈ સુલેમાનભાઈ) ગામના મદ્રેસાઓના બાળકો શરીક થયેલ તો પાંચ ગામના મદ્રેસાઓના બાળકોના સમુહનુ દીની તાલીમનું આયોજન થયેલ. આ કાર્યક્રમમાં તેજસ્વી બાળકોના ઈન્ટવ્યું લેવામાં આવેલ જેમાં હોશીયાર બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવેલ. બાકીના બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવેલ. આ દિને રોશનીની બાળકોની પરીક્ષામાં જજ તરીકેની ફરજ તેમજ સંચાલન સાવરકુંડલા જુમા મસ્જીદના પેશ ઈમામ નિમ હાફીઝ તથા દારૂલ ઉલુમ મહેબુબીયાના આલીમ અદા કરેલ.

# બાબરાના ચમારડીમાં ચુંટણી પ્રચાર પ્રસાર શરૂ કરતા શ્રી બાવકુભાઈ ઉંઘાડ



તસવીર પરેશ રાઠોડ

બાબરા,

બાબરા તાલુકાના ચમારડી ગામે ભાજપ અગ્રણીઓની મુલાકાત શ્રી બાવકુભાઈ ઉંઘાડે લીધી હતી. જેમાં આગામી લોકસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને વિવિધ ચર્ચા વિચારણા ઓ કરવામાં આવી હતી.

આ મીટીંગ ભાજપના અગ્રણી જીવનભાઈ પીઢડીયા ના નિવાસ સ્થાને યોજાઈી. જેમાં ભાજપના આગેવાનો ધીરૂભાઈ ભેસાણીયા, જીવનભાઈ પીઢડીયા, હરીભાઈ મકવાણા, રમેશભાઈ પાડલીયા, હસમુખભાઈ મકવાણા આ તમામ આગેવાનોની હાજરીમાં ભાજપ પ્રસાર કાર્યક્રમ યોજાયો હતો.

## વાહ કયા સીન હૈ..!

### નીશાબેન



અમરેલીના હરીભાઈ અને દાદી લલીતાબેન મમ્મી સોનલબેન પપ્પા અતુલભાઈ કાકા હસમુખભાઈ, કાકી વીભાબેનની લાડલી નીશા આજે બર્થ ડે ઉજવશે.

## સુરતના ધકાણ પરીવારમાં શુભ લગ્નોત્સવ

ચિ. પાર્થ ચિ. વીણા

સુરતના અ.સૌ. ઉષાબેન તથા શ્રી કીરીટભાઈ બાબુભાઈ ધકાણના સુપુત્ર ચિ. પાર્થના શુભલગ્ન બોટાદ નિવાસી અ.સૌ. વિપુલાબેન તથા શ્રી હિતેષભાઈ બાબુભાઈ ધોરડાની સુપુત્રી ચિ.વીણા સાથે તા. ૭-૩-૧૪ના રોજ નિર્ધાર્યા છે.

# અમરેલીમાં શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ યોજાશે

વ્યાસપીઠ પરથી શાસ્ત્રીશ્રી યોગેશભાઈ જોષી કથા રસપાન કરાવશે : ધાર્મીક પ્રસંગોની ઉજવણી : સંતવાણી લોકડાયરો

અમરેલી,

અમરેલીમાં શ્રી કનુભાઈ નરસીભાઈ અમરેલીયા (કનુભગત) પરીવાર દ્વારા શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ તા. ૩૧-૩-૧૪ સોમવારથી તા.૬-૪-૧૦ રવીવાર સુધી યોજાશે. આ જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠ પરથી શાસ્ત્રીશ્રી યોગેશભાઈ જોશી (બટુકદાદા) કથા રસપાન કરાવશે. સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૬-૩૦ દરમીયાન કથામાં ધાર્મીક પ્રસંગોની ઉજવણી થશે. શ્રી ચામુંડા માતાજીના મંદિર રાજકમલચોક, લકિક ટ્રાવેલ્સના ખાચામાં સિધ્ધી વિનાયક મંદિરની બાજુમાં અમરેલી ખાતે કથામાં તા. ૫-૪-૧૪ શનીવાર બપોરે ૪-૩૦ કલાકે સંતોના સામૈયા થશે અને રાત્રે ૯ કલાકે નામી અનામી કલાકારો દ્વારા સંતવાણી ડાયરો યોજાશે. તેમ અમરેલીયા પરીવારે જણાવ્યું છે.

## ચલાલામાં મહાઅભીષેક યોજાયો

### ઓમકારેશ્વર મહાદેવ મંદિરે આયોજન

ચલાલા,

ચલાલામાં ઓમ કારેશ્વર મહાદેવ મંદિરે ધુળેટી નિમિતે અભીષેક કરવામાં આવ્યો હતો. દાતા તરીકે પટેલ ડેરીફાર્મ વાળા નીતીનભાઈ પાનસુરીયાએ સેવા આપી હતી. તેમજ મુકેશગીરી બાપુએ આર્શીવચન પાઠવ્યા હતા.

# અમરેલી જિલ્લા સમસ્ત કોળી સમાજનું મહાસંમેલન યોજાશે

આયોજન માટે લાઠીમાં અગ્રણીઓની બેઠકમાં વિચાર વિમર્સ કરાયો

લાઠી,

અમરેલી જિલ્લાનાં સમસ્ત કોળી સમાજનાં મહાસંમેલનનું આયોજન થઈ રહયું છે

જે માટે તાજેતરમાં લાઠી ખાતે કોળી સમાજનાં આગેવાનોની બેઠક મળી હતી.

અમરેલી જિલ્લા સમસ્ત કોળી સમાજનાં સંમેલન માટે લાઠી તાલુકાનાં સમસ્ત કોળી સમાજનાં ગામડા ખુંદતા કાર્યકરો જેમાં શીવાભાઈ ગોહીલ(નાના રાજકોટ), હિમ્મતભાઈ માંડવીયા(રાભડા), સોમજીભાઈ સાબળીયા(દેરડી જાન બાઈ),જીતુભાઈ(રાભડા), મગન ભાઈ (નારણનગર), વિનુભાઈ વિસાણી (લાઠી), ભુપત ભાઈ (હિરાણા), જયસુખ ભાઈ(ટોડા), હિમ્મત ભાઈ (દહીથરા), વશરામ ભાઈ, ખોડાભાઈ, વલ્લભભાઈ (દામનગર), હકાભાઈ (ઠાસા), અરવિંદભાઈ (ધામેલ), ઘનશ્યામ ભાઈ (શાખપુર), વિનુભાઈ (પાડરસીંગા), ઘનશ્યામ ભાઈ (પીપળવા),મોહનભાઈ (રામપરા), પ્રવિણભાઈ (છભાડીયા), લાલજી ભાઈ (આંસોદરા),કિશોરભાઈ (હાડવત), દિનેશભાઈ(ભાલવાવ), દાનભાઈ(રામપરા), સહીત આ સંમેલનમાં લાઠી તાલુકામાંથી મોટી સંખ્યામાં કોળી સમાજ ઉમટી પડે તેવી હાકલ કરવામાં આવી.

# ચલાલામાં ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

૨૦ દદીઓને નિઃશુલ્ક ઓપરેશન કરી અપાયા : દર્દીઓ ઉમટયા



અમરેલી

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા ૧૫૪ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ તથા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો હતો જેમાં રણછોડદાસબાપુ ચેરી હોસ્પિટલ તથા જિલ્લ અનધત્વ નિવારણ સમિતિના સંયુકત ઉપક્રમે નિષ્ણાંત તબીબો દારા દર્દીઓની ચકાસણી તથા સારવાર કરવામાં આવી હતી.

આકેમ્પનો શુભારંભ ચમંગળ દિપના પ્રગટયથી થયો હતો. આ પ્રસંગે શ્રી અતુલભાઈ તથા ગોપાલભાઈએ દિપ પ્રાગટય કર્યુ હતું. સાથે મહેશભાઈ મહેતા શિતલબેન મહેતા, ડો. દાતા શ્રી ,ડો. આરતીબેન ઉપસિથત રહયા હતા.

આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી કરવામાં અશાવી હતી જે પૈકી ૨૦ દર્દીઓને શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. આ કાર્યક્રમને ચૈ સફળ બનાવવા સંસ્થાના શ્રી મહેશભાઈ મહેતા, રમણીકભાઈ રવજીદાદા, મેહુલભાઇ તથા ડો. આરતીબેન. શીતલબેન મહેતા, મુકતાબેન વગેરેએ ખુબજ જહેમત ઉઠાવી હતી.

# જામનગરની એક વર્ષની વિપ્ર બાળકીને વાલ્વની સારવાર માટે આર્થીક મદદની ટહેલ

બાળકીને યથાશકિત મદદ કરવા અનુરોધ



અમરેલી,

જામનગરમાં રહેતા સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિના અશ્વિનભાઈ દવે ઓટો ગેરેજનું છુટક મજુરી કામ કરે છે અને પોતાના ચાર સભ્યોના પરીવારનો ઘર ખર્ચ સામાન્ય આવકમાં કર કસર કરીને ચલાવે છે આ બ્રાહ્મણ પરીવારમાં એક પુત્ર એક પુત્રી છે.

જેમાં એક વર્ષની દિકરી છે. હેમાલી જે થોડા સમયથી ખુબજ બિમાર રહેતી હોય જેની સારવાર જામનગર સિવિલમાં અને પ્રાઈવેટ ડોકટર થકી ચાલુ હતી જેમાં થોડા દિવસ પહેલા ખુબજ તકલીફ વધી હતા રાજકોટ ખાતેની બાળકોની કે.ટી. ચિલ્ડ્રન હોસ્પીટલ સરકારીમાં દાખલ કરવામાં આવી જેમાં રાજકોટની કે.ટી. ચિલ્ડ્રનના ડોકટરના અભીપ્રાય મુજબ હેમાલીને હદયમાં કોઈ તકલીફ હોવાને કારણે તેની તબીયત બગડી જતી હોય તેથી તાકીદે હદયને લગતી બીમારીની સારવાર માટે અમદાવાદની સીવીલ હોસ્પીટલમાં લઈ જવાની ભલામણ લખી આપેલ જેથી હેમાલીને અમદાવાદની સીવીલમાં દાખલ કરીને યોગ્ય નિદાનના દરેક રીપોર્ટ કરાવતા અહીના તબીબશ્રીએ જણાવ્યું કે હેમાલી દવે ઉ.૧ને હદયના વાલ્વમાં તકલીફ છે જેથી હેમાલીના શરીરમાં હોલીનું પરીવહન ન થઈ શકવાને કારણે આ તકલીફ પડેલ છે. જે માટે તાત્કાલીક શસ્ત્રક્રિયા કરીને હદયના વાલ્વને બદલાવો ખુબજ જરૂરી છે.જેનો અંદાજીત ખર્ચ રૂા. એકલાખ જેવો જેટલો કરવો પડે તેવુ ખર્ચનુ એસ્ટીમેન્ટ આપ્યુ છે.

આજ સુધી ઘણી સારવાર કરીને આર્થીક રીતે ભાંગી પડેલ આ ગરીબ બ્રાહ્મણ પરીવાર હવે આટલો મોટો કરી શકે તેમ ન હોય તેથી આપના લોકપ્રિય દૈનીક પત્રના વાંચકો સામે સહાયનો હાથ ફેલાવે છે. આપ સહાય આ મુજબ જમા કરાવી શકો છો. અશ્વિનભાઈ એસ.દવે દેના બેન્ક ગ્રેઈન માર્કેટ શાખા સેવીંગ ખાતા નંબર ૦૫૭૪, ૧૦૦૦, ૫૬૫૧ રણજીત રોડ, જામનગર - ૩૬૧૦૦૧ મોકલી અથવા જમા કરાવી શકો છો. આ સર્વે દાતાશ્રીઓ સામે આ ગરીબ બ્રાહ્મણ પરીવારની આર્થીક સહાયની ટહેલ છે યોગ્ય મદદ થવા અને વધુ વિગતર માટે આવાશ કોલોની, અંધ અપંગ આશ્રમ સામે જામનગર ૩૬૧૦૦૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ઉના ભાવનગર રોડ પર વિદ્યાર્થીના બાઈકને એસ.ટી બસે ઠોકર મારી દેતા એકનું મોત થયું

સવારે બોર્ડની પરીક્ષા આપવા જતા ભાઈ -બહેન ના મોપડને ઠોકર મારી બસ ચાલક નાસી છુટયો

ઉના

ઉના શહેરના ભાવનગર રોડ પર મોથડે મોટર સાયકલમાં બેસી પરીક્ષા આપવા જતાં દલીત પરીવારના હજીનભાઈ બહેન ની મોટર સાયકલને એસ.ટી બસના ચાલક એ ઠોકર મારી નાસી છુટતા મોપડે પર બેઠેલી વિદ્યાર્થીની નેગંભીર ઈજા થતા ઘટનાક સ્થળે હમહમારી ભર્યુ મોત નિપજેલ હતું આ બનાવ બનાતા હાઠી દલીત સમાજમાં શોકનું મોજુ ફરીવળેલ છે.

પનાવની જાણવા મળતિ વિગત મુજબ ઉના શહેર ના નદી સામે કાંઠે આવેલ પાડાધમાર વિસ્તારમાં રહેલા દલીત હાડી જીવનભાઈ જશાભાઈ મકવાણાની દીકરી વંદનાબેન ઉના ૧૭ પોતાના ઘરેથી ધોરણ ૧૦ ની એસએસસી બોર્ડની પરીક્ષા આપવા નિરધાયેલ અનદે ત્યાર બાદ તેના મામા નો દિકરો ભરત ગોવિંદ રાઠોડે ઉપ -૧૮ પોતાના સાંબંધી નું બાઈક પલ્સર નંબર ૮૩૯૧ લઈ સ્વામીનારાણ સ્કુલ ખાતે ધો- ૧૦ એસ.એસ. સી ની પરીક્ષા આપવા જતો હતો અને રસ્તામાં તેમના મામાની દીકરી વંદના ચાલીજતી હતી તેને બેસાડી ભાવનગર રોડ પર આવેલ સ્વામી વિવેકાનનદ શાળાએ મુકવા જણાવતા વનદના ને શાળાએ મુકી ને ત્યારબાદ બોર્ડની પરીક્ષા માં જશે તેમ જણાવી મોટરસાયકલ લઈ નિકળતા ભાવનગર રોડ પર આવેલ હરભોલે હોટલ નજીક બાઈક પહોંચતા પાછળ થી સવારે ૯/૩૦ ની આજુબાજુ સમયે એસ.ટી બસ ના ચાલકે બેહ રીગંરાઈ અને ગફલતભરી બસ ચાલકી ઠોકર મારતાં બાઈક તોડ પર રંગોળાઈ ગયેલ અને બાઈક પર બેસેલી વંદના એસટીના પાછળના વિલના જોટામાં આવીજતા તેનુ ઘરના સથળે કરૂણ મોત નિપજેલ હતું જયારે ભરત ગોવિંદચૈ રાઠોડને જમણા હાથઅને પગ માં ઈજાઓ થતા ઉના સરકારી દવાખાને ખસોડાયેલ હતો

આ ચનાવ ચનાતા અને તેની જીલ્લા તેમના પરીવારમાં થતાં હાડી દલીત સમાજનાં વિશાળ સંખ્યામાં લોકો દોડીઆવેલ હતા આ બજાવતી ઉના પોલીસમાં એસ.ટી ચાલક વિરૂઘ્ધ અકસ્માત નો ગુન્હો ભરત ગોવિંદ એ નોંધાવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

અકસ્માત સર્જી બસચાલકો નાસી ધૂટયા સવારે અકસ્માતની ઘરના સર્જયા બાદ બસ ચાલક પોતાની એસટી બસ લઈનાસી ઘુટેલ હતો અને મરણ જનાર વંદના રોડ પર તરફડીયા ખાતી

રહી અને આખરે અકસ્માત સ્થળે તેનું કંરૂણ મોત નિપજેલહતું અવને ચલોકો એ નાનારીકે એમરજન્સી ને જાણમકરતા તેમણે ઈજાગ્રસ્ત યુવાન ને હોસ્પિટલે સારવારમાં ખસેડેલ હતો

અકસ્મતની ઘરના બાદ પીએસ.આઈ પરમાર બનાવ ની જગ્યા એ પહોંચતા તેમણે બસ ચાલકની શોધખોળ માટે રાજલા ડેપોનો સંર્પક કરતા અને ડ્રાઈવરની ગનભીર બાબત અંગેની જણકરતા બસ ડ્રાઈવર એ પોતાએ અકસ્માત કરેલન હોવાનુન હાનાકાની કરતાં પોલીસે કાયદાનું ભાન કરાવેલ છે અને પોલીસમાં હાજર થતા

# બાબરાના ગરણી થોરખાણ ગામ નજીક આઈશ્રી વાલબાઈમાની જગ્યામાં ચૈત્રી નવરાત્રી ઉજવાશે

નવચંડી યજ્ઞ, શકિત આરાધનાનું આયોજન : આયોજકો દ્વારા તૈયારી

અમરેલી,

ગરણી થોરખાણ રોડ પર શ્રી આઈ વાલબાઈમાની જગ્યામાં ચૈત્રી નવરાત્રી મહોત્સવ તા. ૩૧ થી ૭-૪-૧૪ સુધી યોજાશે.તે નીમીતે પહેલા નોરતે તા. ૩૧ના રોજ મીતલબેન ગઢવી, અવિનાશ બારોટ તા. ૧ અલ્પાબેન પટેલ અશોકભાઈ, રમેશભાઈ કાપટી તા. ૨ના રોજ ઉમેદભાઈ બારોટ, અમીતાબેન પટેલ, તા. ૩ મીતલબેન ગઢવી દિપકભાઈ જોષી, તા. ૪ શ્રુતીબેન આહીર, રાહુલભાઈ મહેતા તા. ૫ ના રોજ ઉમેશભાઈ બારોટ, અમીનાબેન પટેલ અને તા.૬ના રોજ લલીતાબેન ઘોડાસરા, દિપકભાઈ જોષીનો લોકડાયરો યોજાશે તા. ૭-૪-૧૪ના રોજ સોમવારે નવચંડી યજ્ઞ યોજાશે અને શકિત આરાધનામાં હરી ગઢવી, રાજભા ગઢવી, દેવાયતભાઈ, ડાયરાની જમાવટ કરશે. કાર્યક્રમનો લાભ લેવા શકિત ધામ દ્વારા જણાવાયું છે.

# ગાંધીનગરમાં આરટીઆઈ એકટીવીસ્ટોના ધરણા

અખીલ ભારતીય માહીતી અધિકાર સહાયતા કેન્દ્રના કાર્યકરો જોડાયા

અમદાવાદ,

અખીલ ભારતીય માહીતી અધિકાર સહાયતા કેન્દ્ર તથા ન્યુ ગુજરાત આરટીઆઈ એકટીવીસ્ટ શોસીએશનના નેજા હેઠળ ગાંધીનગર સેકટર ૬ ખાતે સત્યાગ્રહ છાવણી પોલીસસ્ટેશન પાછળ શરૂ થતા ૭૨ કલના ધરણા યોજાશે તેમ પ્રમુખ ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે.

# લાઠી બાબરા વિધાનસભા પેટા ચુંટણીમાં કોંગ્રેસના શ્રી મનુભાઈ કાકડીયાની દાવેદારી

ટીકીટ માટે ભુરખીયા મંદિરે થાળ ધરાયો અંદાજે ચારેક હજાર લોકો ઉમટી પડયા

અમરેલી,

લાઠી બાબરા દામનગર વિધાનસભા બેઠકમાં પેટા ચુંટણીમાં મુળભુત કોંગ્રેસ કાર્યકરને ટીકીટ ફાળવવામાં આવે તે હેતુથી તા. ૧૮-૩ ના રોજ ભુરખીયા હનુમાન મંદિરે થાળ યોજાતા કોંગ્રેસના લાઠી બાબરાના હોદેદારો સહિત અંદાજે ચારેક હજારની સંખ્યામાં કાર્યકરો અગ્રણીઓ શ્રી મનુભાઈ કાકડીયા, મનસુખભાઈ પલસાણા, ઝવેરભાઈ રંઘોળીયા, આંબાભાઈ કાકડીયા સહિત ઉપસ્થિત રહયા હતા .

શ્રી મનુભાઈ કાકડીયાને પ્રબળ દાવેદાર માનવામાં આવે છે.

મુળ કોંગ્રેસ આગેવાનો દ્વારા શકિતપ્રદર્શન ધ્યાનાકર્ષણ બન્યુ હોવાનુ જાણવા મળ્યું છે.

એક તરફ આચાર સંહિતાના કારણે વિકાસ કામો ને બ્રેક લાગી ગઈ છે તેમ છતા

# અમરેલી જિલ્લામાં સરકારી કર્મીઓ ઉધા માથે

### માર્ચ એન્ડિંગ અને ચૂંટણી ફરજ વચ્ચે કર્મીઓની સુડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ

### ચૂંટણી પહેલા ચાલુ વર્ષના લક્ષ્યાંકો અને આચાર સંહિતા પહેલા ટેન્ડર બહાર પાડેલા કામો પૂર્ણ કરવા અધિકારીઓની ઉંઘ હરામ : લક્ષ્યાંકો પૂર્ણ કરવા નોટીસોનો મારો : ઓવરટાઇમ કામગીરી શરૂ થઇ

### અતિ આવશ્યક કામ સિવાય કર્મીઓની રજાઓ કેન્સલ : નબળી કામગીરી થશે તો તોળાતા પગલા

અમરેલી,

માર્ચ મહિનો પૂર્ણ થવાને હવે ગણતરીનાં દિવસો જ બાકી રહ્યા છે અને આગામી લોકસભા તથા વિધાનસભાની ચૂંટણીની પણ જાહેરાત થઈ ગઈ છે ત્યારે અમરેલી જિલ્લામાં સરકારી કર્મચારીઓ સુડી વચ્ચે સોપારી જેવી સ્થિતિમાં ઉધા માથે કામગીરી કરી રહ્યા છે. માર્ચ એન્ડીંગ પૂર્ણ થયા બાદ બીજી એપ્રિલથી ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થવાનુ છે.

આ અંગે સરકારી કર્મચારીઓ દ્વારા મળતી વિગતો મુજબ માર્ચ મહિનો પૂર્ણ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે કલેકટરેટ, રેવન્યુ, પંચાયત, પાલિકા, ગ્રામ વિકાસ એજન્સી, બહુમાળી ભવનમાં આવેલી વિવિધ કચેરીઓ વગેરેમાં સ્વર્ણિમ લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે કર્મચારીઓ આકાશ પાતાળ એક કરીને ઉધા માથે કામે લાગી ગયા છે.

પાલિકા અને પંચાયતના કર્મચારીઓને ૧૦૦ ટકા વેરા વસુલાત માટે લક્ષ્યાંકો આપવામાં આવ્યું છે. રેવન્યુ વિભાગના કર્મચારીઓ પણ લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. આરટીઓ, પીડબલ્યુડી, ખાણ ખનીજ વિભાગ વગેરેના કર્મચારીઓને પણ માર્ચ એન્ડિંગ સુધીમાં લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે અલ્ટીમેટમ આપવામાં આવ્યા છે અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા કામગીરીની સમીક્ષા કરીને નબળી કામગીરી કરનારાને નોટિસો પાઠવવાનો દોર પણ શરૂ થઈ ગયો છે મોટા ભાગની કચેરીઓમાં કર્મચારીઓ ઓવરટાઈમ કામગીરી કરી રહ્યા છે.

બીજી તરફ અમરેલી જિલ્લામાં લોકસભા તથા વિધાનસભાની ચૂંટણીની પણ જાહેરાત થઈ ગઈ છે જેથી કલેકટરથી માંડીને તમામ વિભાગના અધિકારીઓને ચૂંટણી ફરજની કામગીરી પણ સોંપવામાં આવી છે. રાષ્ટ્રીય પર્વ ચૂંટણી અને માર્ચ એન્ડિંગ બન્નેની તડામાર તૈયારીઓ વચ્ચે સરકારી બાબુઓની ઉંઘ હરામ થઈ જાય તેવી સ્થિતિ જો મળી રહી છે. માર્ચ એન્ડિંગ પૂર્ણ થયા બાદ બીજી એપ્રિલથી જ ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થઈ રહ્યુ છે.૨૮ મેના ચૂંટણીની તમામ કામગીરી પૂર્ણ થયા બાદ સરકારી કર્મચારીઓ રાહતનો દમ લેશે.

માર્ચ એન્ડિંગ તથા ચૂંટણી ફરજના કારણે અતિ આવશ્યક કારણ સિવાય સરકારી કર્મચારીઓની રજા પણ કેન્સલ થઈ ગઈ છે.

# અમરેલીમાં પ્રજ્ઞાપુત્રી રશ્મિકાબેનનું પ્રવચન યોજાયું



અમરેલી જિલ્લા લેઉવા પટેલ શૈક્ષણિક સંકુલ ખાતે પ્રજ્ઞાપુત્રી રશ્મિકાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીનીઓ ને શિક્ષણ અને ગૌમાતા વિશે પ્રવચન આપ્યું હતુ તે વેળાની તસવીરમાં નજરે પડે છે.

# ખાંભાનાં હનુમાનગાળાનો રસ્તો ખુલ્લો કરવા પૂર્વ સાંસદશ્રી હુંમરની માંગણી

### છેલ્લા કેટલાક સમયથી આ ધાર્મિક જગ્યામાં અવર જવર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો

અમરેલી,

હનુમાનગાળાનો રસ્તો ખુલ્લો કરવા પૂર્વ સાંસદશ્રી હુંમરે માંગણી કરી છે.ગુજરાત સરકાર હિન્દુત્વની વાતો કરી હિન્દુ લોકોને ગુમરાહ કરી રહી છે, જેનું ઉદારણ હિન્દુ લોકોની આસથાનું ધાર્મિક સ્થાન ખાંભા તાલુકાના હનુમાનગાળા તરીકે ઓળખાય છે જયાં સાધુ સંતો પણ રહે છે તેમજ યાત્રાળઓ વિના રોક ટોકે અવર જવર કરતા હતા જે ધાર્મિક સભળમાં અવર જવર કરવા પર પ્રતિબનધ મુકી ,મુખ્ય દરવાજાને તાળા મારી દેવામાં અવેલ છે .

છેલ્લા કેટલાક સમયથી આ ધાર્મિક જગ્યામાં અવર જવર પર પ્રતિબંધ લાદવામાં આવેલ છે અને ત્યાં વસવાટ કરતા સાધુ સંતોને કાઢી મુકવામાં આવેલ છે. આ હનુમાનગાળા તરીકે ઓળખાતી ધાર્મિક જગ્યા હિન્દુ લોકોની લાગણીનું પ્રતિક આસ્થાનું સ્થાન છે. આ જગ્યામાં વિના રોક ટોકે લોકો અવર જવર કરી શકે તેવા શુભ હેતુથી તાકીદે આ બંધ કરેલ રસ્તો ખુલ્લો કરવામાં આવે તેવી કાર્યવાહી કરવા પૂર્વ સંસદ સભ્યશ્રી વિરજી હુમ્મરે કલેકટરશ્રી અમરેલીને રજુઆત કરેલ છે અને જણાવેલ છે કે, વન વિભાગ પણ લોક હિતમાં હોય છે જેથી લોકોના વિશાળ હિતને ધ્યાને લઈ આવી ધાર્મિક જગ્યામાં લોકો વિના રોક અવર જવર કરી શકે તેવી કાર્યવાહી કરવા જણાવ્યુ છે.

# પીપાવાવ,સુરેન્દ્રનગર ગુડઝ ટ્રેન સાથે બે પેસેન્જર ડબ્બા જોડવા માંગ

### સરપંચ દ્વારા આ પ્રશ્નની ઉચ્ચ કક્ષાએ રજુઆત : પ્રશ્ન ન ઉકેલાય તો આગામી ચુંટણીમાં મતદાનનો બહિષ્કાર કરાશે



રાજુલા, પીપાવાવ પોર્ટ એટલે ધમધમતુ બંદર છે અહીથી લાખો ટન માલની હેરફેર ગુડઝ ટ્રેન દ્વારા થાયછે ત્યારે આ વિસ્તારમાં ઉદ્યોગીક ગામો પીપાવાવ રામપરા ,ભેસાણ , ઉધીયા સહિત ગામોના સરપંચો એ જણાવેલછેકે રામપરા ગામે ૧૦વર્ષ પહેલા ખેડૂતોની જમીન સંપાદન થયેલ જેતે સમયે રામપરા ગામે રેલ્વે ને મંજુરી લેવા સમયસર ગામે પબ્લીક ઈયરીંગ થયીલ ત્યારે જોવાયેલ કે મુસાફરી ટ્રેન શરૂ થશે ખેડૂતો રાજી હતા હાલ મુસાફરી ટ્રેન સરૂ નહા થઈ અને માત્ર પોર્ટ ની કમાણી કરતતી સુરેન્દ્રનગર પીપાવાવ ભારવાહન ટ્રેન સરૂ થઈ છે ત્યારે સરપંચોનો વૈધિક સવાલ એવો છે કે હાલ જે ટ્રેન ભારવાહક શરૂ છે તેમા એસી. / અને નણોન એસી ૪ ડબ્બાચ જોડીદેવામાં આવેતો આ વિસ્તાર ના મુસાફરો ને આવક જાવક ના સમય બને બેચી શકે પરંતુ આ પ્રશ્ન ઉચ્ચકક્ષારેલ્વે તંત્ર ને રજુઆત થઈ કે આગામી ચૂટણી પહેલા ૪ ડબ્બા જોડવામાં જોડવા માંગણી થઈ છે અને જો આ પ્રશ્ને કોઈરસ નહાલેયતો આગામી ચૂંટણીમતદાન થી અવળા રેવાની રામપરાના સરપંચ શ્રી આતાભાઈ વાઘ ત્થા ભેરાઈના શ્રી ટપુભાઈ ત્થા પીપાવાવના પૂર્વસરપંચશ્રી ભાણાભાઈ ગુજરાયા એ રજુઆત કરી છે ચૂંટણીમાં હવે લોકો ઓળખી ગયા છે કે ઉદ્યોગ વિસ્તારમાં લોકો ની મુશ્કેલી માટે નહી પરંતુ લાભ માટેજ રાજકીય રોટલા માટે ચેકનારા ઓને મતદારો ઓ,ળખી ગયા છે ચૂટણી પહેલા ઘણુ ારવાદ સરપંચ આતા ભાઈ વાઘ ની મગણી છે.

# બાબરામાં ધોરણ૧૦ના વિદ્યાર્થીને ચાલુ પરીક્ષામાં ચક્કર આવતા દવાખાને ખસેડાયો

બાબરા,(દિપક કનૈયા)બાબરા તાલુકા કુમાર શાળામાં ધો.૧૦ની ચાલતી પરીક્ષામાં એક વિદ્યાર્થીને વધારે પડતા ટેન્શનથી ચક્કર આવી જતા ૧૦૮ ઈમરજન્સી બોલાવી વિદ્યાર્થીને સરકારી દવાખાને સારવાર માટે લઈ જવાયેલ.ધો.૧૦માં અભ્યાસ કરતો રૂતિક સંજયભાઈ ગોયાણી રે ઢસા ઉ.વ.૧૫ને ચાલુ પરીક્ષામાં ચક્કર આવી જતા દવાખાને સારવાર માટે લઈ જવાયેલ જયાં ડોકટરે જણાવેલ કે વધુ પડતા ટેન્શનથી આવુ બની શકે અન્ય કોઈ બીજી બાબત ન હોવાથી સારવાર આપી વિદ્યાર્થીને પરત પરીક્ષા સ્થળે મોકલી આપેલ.

# સારંગપુરમાં પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં અભૂતપૂર્વ ફુલદોલ ઉત્સવ

### વિશ્વના પાંચેય ખંડમાંથી ભાવિકો ઊમટયા : ૧૦૦૦૦ સ્વયંસેવકો સ્વયંસેવિકાઓ : ૧૨૦/૪૦/૩૫ ફુટનો વિશાળ મંચ,૧૭ ફુટની વિરાટ કદની શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ : ૨૪ કલાક મેડિકલ સુવિધા : હરિભક્તો ખડેપગે



સારંગપુર,તીર્થભૂમિ સારંગપુરમાં પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને આર્શીવાદથી ફુલદોલોત્સવ ખૂબજ ભવ્યતાપૂર્વક ધામધૂમથી ઉજવાયો હતો આક મહોત્સવમાં સહભાગી થવા માટે દેશ-પરદેશથી ૨ લાખથી પણ વધારે સંખ્યામાં ભાવિક ભક્તો ઊમટી પડયા હતા.ઉત્સવનાં દિવસની વહેલી સવારથી જ સમગ્ર સારંગપુર ગામ હિલોરે ચડયું હતું ત્રણેય દિશાઓમાંથી વિવિધ વાહનો દ્વારા હરિભક્તોનો વિરાટ સમુદાય સવારનાં પાંચ વાગ્યાથી સારંગપુર પવેશ કરતો જોઈ શકાતો હતો જયાં જુઓ ત્યાં વિશાળ માનવ મહેરામણથી ધરતી ઢંકાઈ ગઈ હતી વિશ્વભરનાં જુદા જુદા દેશોમાંથી ભક્તો પધાર્યા હતા જેમકે અમેરિકા, યુગાન્ડા, ઈંગ્લેન્ડ, કેન્યા, ટાન્ઝાનિયા, દુંબઈ, બાહરીન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, ઈન્ડોનેશિયા, હોંગકોંગ વગેરે દેશોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો દર્શને પધાર્યા હતા ભારતનાં વિવિધ પ્રાંતોમાંથી હજારો હરિભક્તો પધાર્યા હતા કેટલાક હરિભક્તો પદયાત્રા અને સાઈકલયાત્રા કરીને પણ અહીં આવ્યા હતા.ખૂબજ મોટી સંખ્યામાં આવતા હરિભક્તોની બધી જ પ્રકારની વ્યવસ્થા સચવાય તે માટે આયોજન સમિતિએ ૩૦ જેટલા સેવાનાં વિભાગોની રચના કરી હતી તેમાં ૧૦.૦૦૦ જેટલા સ્વયસેવકો-સ્વયંસેવિકાઓએ મહિમાપૂર્વક સેવાભાવથી ખડેપગે ઊભા રહીને સેવા બજાવી હતી હરિભક્તોની સુવિધા માટે નિયત અંતરે પૂછપરછ કેન્દ્રા ,ફુડસ્ટોલ, બુકસ્ટોલ, પાર્કીંગ અને મેડિકલની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી ત્રણ એમ્યુલન્સ બે ૧૦૮ પીકઅપ વાન કોઈ પણ પરિસ્થિતીને પહોંચી વળવા સજજ હતી છેલ્લા કેટલાય દિવસથી સંતો-ભક્તો તપવ્રત કરતા કરતા સેવા કરી રહયા હતા.

ફુલદોલોત્સવની મુખ્ય સભા સાંજે ૪.૪૫ કલાકે શરૂ થઈ હતી જેના આરંભમાં સંતોએ ધૂન કીર્તનની રમઝટ બોલાવી હતી ત્યાર બાદ પૂ.વિવેકસાગર સ્વામીએ ‘‘પુષ્પોદોલોત્સવનો વિશિષ્ટ મહિમા’’સમાજાવ્યો હતો આ પુષ્પોદોલોત્સવનો મધ્યવર્તી વિચાર બી.એ.પી.એસ સંસ્થાનાં સ્થાપક શાસ્ત્રીજી મહારાજ એટલે કે ‘‘યજ્ઞપુરુષ’’ નાં રંગે રંગાવાનો હતો આમ આપણે યજ્ઞપુરુષનાં રંગે કેમ રંગાવું તેની વિષેશ માહિતી પ્રવકતા દ્વારા આપવામાં આવી હતી.આ વર્ષે બી.એ.પી.એસ સંસ્થાનાં સ્થાપક શાસ્ત્રીજી મહારાજની જન્મજયંતિને ૧૫૦ વર્ષ પૂર્ણ થાય છે આથી હરિભક્તોએ વિશેષ યોગ યજ્ઞ ના નિયમો લીધા હતા તે વિશે પૂ.મહંત સ્વામીએ હરિભક્તોને માર્ગદર્શન આપ્યું હતું ત્યારબાદ ઉત્સવની આરતી કરવામાં આવી હતી આવી રીતે પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજનાં સાનિધ્યમાં લાખો હરિભક્તોએ હોળી ઉત્સવનો સાચો રંગ આત્માસાત કરીને જીવનની અણમોલ સ્મૃતિ પ્રાપ્ત કરી હતી.આ પ્રસંગે સારંગપુર મંદિરનાં કોઠારી સ્વામી પૂ.જ્ઞાનેશ્વર સ્વામીએ જણાવ્યું હતું કે ‘‘ઉત્સવમાં બધી જ વ્યવસ્થા ઉતમ પ્રકારની કરવામાં આવી હતી સત્સંગનાં રંગે રંગાતા ભક્તોને વિશેષ આનંદની અનૂભૂતિ થઈ હતી.’’

# રાજુલા શહેર યુવા ભાજપ દ્વારા જાહેર પરીવહન પ્રચાર અભિયાનનો પ્રારંભ



ભાજપ દ્વારા આગામી લોકસભા ચૂંટણી અનુલક્ષીને કાર્યક્રમ જાહેર થતા રાજુલા શહેર યુવા ભાજપ દ્વારા જાહેર પરીવહન પ્રચાર અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો તે વેળાએ યુવા ભાજપનાં કાર્યકરો, ચાય વિતરણ કરી રહેલા તસવીરમાં નજરે પડે છે. (અહેવાલ- જયદેવ વરૂ-તસવીર- સલીમ જલવાણી)

